અપીલ અરજી નં.૧૬૩/ ૦૮–૦૯ તા.૧૨–૯–૦૮

અરજદાર: શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ
સામાવાળા: ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા.૨૩–૫–૦૮ ની અરજીથી ભીડભંજન સોસાયટી વાળા પ્લોટ નં.૧૮૦, સર્વે નં.૬૭,૬૮/એ ૧ માંથી શહેરવિકાસ વિભાગ તરફથી ૩૦.૦૦ મી. રસ્તાની મંજુરી અને ૩૦.૦૦ મી.નો રસ્તો કયારે બનાવવામાં આવેલ, આ બનાવેલ રસ્તાની બદલીમાં સરકારશ્રી તરફથી કોઈ પણ જાતનું વળતર કોઈ પણ સંસ્થાને આપવામાં આવેલ છે કે નહિ. વળતર માંગવાનો અધિકાર ખાનગી જગ્યા માલિકને હોય કે નહિ ? જે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૩/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા.૨૩–૫–૦૮ ની અરજીથી ભીડભંજન સોસાયટી વાળા પ્લોટ નં.૧૮૦, સર્વે નં.૬૭,૬૮/એ ૧ માંથી શહેરવિકાસ વિભાગ તરફથી ૩૦.૦૦ મી. રસ્તાની મંજુરી અને ૩૦.૦૦ મી.નો રસ્તો કયારે બનાવવામાં આવેલ, આ બનાવેલ રસ્તાની બદલીમાં સરકારશ્રી તરફથી કોઈ પણ જાતનું વળતર કોઈ પણ સંસ્થાને આપવામાં આવેલ છે કે નહિ. વળતર માંગવાનો અધિકાર ખાનગી જગ્યા માલિકને હોય કે નહિ ? જે માહિતી આપવા બાબતે જવાબ નહી મળવા તથા અધુરા હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૫ તા.૨૦–૯–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટીપીડી/આ.નં.૪૬૧૨ તા.૩–૧૦–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૨૩–૫–૦૮ ના રોજ વરાછાઝોનમાં કરેલ અરજી સંદર્ભે નં.ઈ.ઝેડ/આરટીઆઈ /આ.નં.૬૩૯ તા.૧૭–૬–૦૮ થી આકારણી દફતરી નોંધના માહિતીની વિગતો અરજદારને રસીદ નં.૮૯૫૨૩૧ તા.૧૭–૬–૦૮થી રકમ ભરપાઈ કરી મેળવેલ છે. તેમજ ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૭–૮–૦૮ થી ભીડભંજન સોસાયટીનો રસ્તાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે અને અરજદારે મળવ્યાની પહોંચ પણ રજૂ કરેલ છે. બાકીની માહિતી અંગે ટાઉન પ્લાનીંગ વિભાગને ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૯ તા.૨૭–૫–૦૮ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે.ડાયરેકટર ઓફ પ્લાનીંગ/નં.ટીપીડી/આ.નં.૨૩૭૭ તા.૧–૭–૦૮ તથા ટીપીડી/આંન.૩૦૮૨ તા.૨૯–૭–૦૮ થી રસ્તાના બદલામાં વળતર અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે ત્યાર બાદ રસ્તાના જમીન માલિકોના વળતર બાબતે નં.ટીપીડી/આ.નં.૩૦૬૦ તા.૨૮–૭–૦૮ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતેનગર રચના અધિકારી એકમ–૫, સુડા ભવન ખાતે અરજી તબદીલ કરવામાં આવેલ. સુડા ભવન ખાતેથી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને અરજદારને નં.મા.અ/૧૯૧૩ તા.૧૨–૮–૦૮ થી સદર માહિતી અત્રેની કચેરીને સ્પર્શતી નથી તેવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ નં.ટીપીડી/આ.નં.૪૪૭૧ તા.૨૬–૯–૦૮ થી નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી ધ્વારા સુડા કચેરીને પુનઃ પત્ર પાઠવી અરજદાને સદર માહિતી પૂરી પાડવા જણાવેલ છે તેની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ભીડભંજન સોસાયટી આકારણીના બાબતે અને રસ્તો કયારે બનાવ્યો જે અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૩૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારના મુદ્દા નં.૧ અને ૨ બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીપીડી/આ.નં.૩૦૮૨ તા.૨૯–૭–૦૮ થી ટાઉન પ્લાનીંગ સ્કીમ સરકારશ્રી તરફથી અંતિમ મંજુરી મળ્યેથી જે તે જમીન માલિકો પાસેથી બેટરમેંટ ચાર્જ વસુલ લેવા કે વળતર આપવાના થાય તેવું જણાવી સરકારીના વળતર ચૂકવવા બાબતની માહિતી તેઓ કક્ષાએ ઉપલબ્ધ ન હોવાનું જણાવી તે અંગે માહિતી પાઠવવા સુડા ભવનમાં તા.૨૬–૯–૦૮ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદારને પ્લોટ ધારકોને વળ તર મેળવવા અધિકારી છે કે નહીં તે બાબતની માહિતી અરજદારને પૂરી પડાયેલ નહીં હોય સદર માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ,